# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

ભાદરવા સુદ - ૦૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૮૦ ● તારીખઃ ૧૨.૦૯.૨૦૨૬, શનિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

જીવનમાં ક્યારેય કોઈની સાથે તમારી તુલના ન કરો, તમે જે રીતે છો તે રીતે તમે શ્રેષ્ઠ છો!

# BRICS સમિટ ૨૦૨૬નો પ્રારંભઃ પુતિનનો G7 પર કટાક્ષ, PM મોદીએ વૈશ્વિક અર્થતંત્રમાં BRICSના વર્ચસ્વને બિરદાવ્યું

## ભારત મંડપમ ખાતે દ્વિપક્ષીય બેઠકોનો દોરઃ મોદી-પુતિન મુલાકાત દરમિયાન સંરક્ષણ અને વેપારી સહયોગ મજબૂત કરવા નિર્ણય, રશિયન રાષ્ટ્રપતિને 'તિરુક્કુરલ' ભેટ અપાઈ










**સમય સંદેશઃ નવીદિલ્હી**

નવી દિલ્હી સ્થિત ભારત મંડપમ ખાતે ૧૮મી BRICS શિખર સંમેલન ૨૦૨૬નો દબદબાભેર પ્રારંભ થયો છે, જેમાં વિશ્વના અગ્રણી નેતાઓ અને પ્રતિનિધિઓ હાજર રહ્યા છે. બ્રિક્સ બિઝનેસ ફોરમને સંબોધિત કરતા રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પશ્ચિમી દેશો અને G7 જૂથ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં વૈશ્વિક જીડીપીમાં ૪૦%થી વધુ યોગદાન BRICS દેશોનું રહ્યું છે, જ્યારે G7નો હિસ્સો ઘટીને માત્ર ૨૯% રહી ગયો છે. પુતિને ઉમેર્યું કે બદલાતા સમય સાથે BRICS આર્થિક તાકાતના મામલે G7થી ઘણું આગળ નીકળી ગયું છે અને વિશ્વમાં નવા આર્થિક કેન્દ્રોનો ઉદય થઈ રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ફોરમને સંબોધતા જણાવ્યું હતું કે વિશ્વની અડધી વસતી ધરાવતા BRICS દેશો ગ્લોબલ જીડીપીમાં ૪૦% અને વૈશ્વિક વેપારમાં ૨૫%થી વધુ હિસ્સેદારી ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વની અર્થવ્યવસ્થાની સરખામણીએ BRICS દેશોની જીડીપી બમણી ઝડપે વધી છે. ૨૦૦૬માં માત્ર ૪ દેશોથી શરૂ થયેલો આ પરિવાર આજે ભાગીદાર દેશો સાથે મળીને ૨૧ દેશોનો વિશાળ સમૂહ બની ચૂક્યો છે. આ તકે પીએમ મોદીએ

અનુ પાના નં.૨ પર

## ભારત અને EU વચ્ચે ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ તરફ મોટું પગલુંઃ યુરોપિયન કમિશને કાઉન્સિલને સોંપ્યો સત્તાવાર પ્રસ્તાવ

**સમય સંદેશઃ નવીદિલ્હી**



ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર લાગુ કરવાની દિશામાં મહત્વપૂર્ણ સફળતા મળી છે. યુરોપિયન કમિશને કરાર પર હસ્તાક્ષર કરવા અને તેને આખરી ઓપ આપવા માટે EU કાઉન્સિલને સત્તાવાર પ્રસ્તાવ સોંપ્યો છે. આ કરાર અમલમાં આવતાની સાથે જ બંને દેશો વચ્ચેના વેપાર ખર્ચમાં મોટો ઘટાડો થશે, જેનાથી યુરોપિયન કંપનીઓને વાર્ષિક આશરે ૩૬,૦૦૦ કરોડ (૪ બિલિયન યુરો) ની બચત થશે. કરાર હેઠળ ભારત મોકલવામાં આવતી ઊઝ ની ૯૬% નિકાસ પર સીમા શુલ્ક સંપૂર્ણપણે નાબૂદ થશે અથવા નોંધપાત્ર રીતે ઘટાડાશે, જેનાથી ૨૦૩૨ સુધીમાં આ નિકાસ બમણી

અનુ પાના નં.૨ પર

## શી જિનપિંગના ભારત આગમન પૂર્વે ચીનનું સકારાત્મક વલણ



**સમય સંદેશઃ નવીદિલ્હી**

નવી દિલ્હી ખાતે યોજાનારી ૧૮મી બ્રિક્સ સમિટ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની ઉચ્ચસ્તરીય દ્વિપક્ષીય બેઠક માટે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના ભારત આગમન પહેલાં ચીનના વિદેશ મંત્રાલયે એક મહત્વપૂર્ણ નિવેદન આપતાં જણાવ્યું છે કે એશિયાની આ બંને અગ્રણી મહાસત્તાઓએ પોતાના પરસ્પરના મતભેદોને સમજુતીપૂર્ણ રીતે ઉકેલવા જોઈએ. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે સ્પષ્ટ કર્યું હતું કે ચીન ભારત સાથેના સંબંધોને ટૂંકા ગાળાના દ્રષ્ટિકોણથી નહીં પરંતુ વ્યૂહાત્મક અને લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યથી આગળ વધારવા માંગે છે. વર્ષ ૨૦૨૦ના પૂર્વ લદ્દાખ સરહદ વિવાદ બાદ સર્જાયેલી તંગદિલી વચ્ચે સાત વર્ષ પછી રાષ્ટ્રપતિ શી જિનપિંગ ફરી ભારત આવી રહ્યા છે, ત્યારે ૧૨ અને

અનુ પાના નં.૨ પર

## ગુજરાતના જાહેર દેવામાં મોટો ઉછાળોઃ વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ દેવું વધીને રૂ. ૪.૩૦ લાખ કરોડે પહોંચવાનો અંદાજ

### વિધાનસભામાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ આંકડા રજૂ કર્યાઃ દેવાની પરત ચૂકવણી પાછળ જ વાર્ષિક રૂ. ૬૧,૧૨૦ કરોડ ખર્ચાશે

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત રાજ્યની આર્થિક સ્થિતિ અને સરકાર પર વધી રહેલા દેવાના બોજ અંગે વિધાનસભા ગૃહમાં મહત્વની વિગતો સપાટી પર આવી છે. જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના લેખિત જવાબમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ સત્તાવાર આંકડા જાહેર કર્યા હતા. રજૂ કરાયેલા ડેટા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતનું કુલ જાહેર દેવું રૂ. ૩,૭૪,૮૫૫ કરોડ હતું, જે વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજ મુજબ વધીને રૂ. ૪,૩૦,૩૨૦ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે. દેવાના આંકડામાં થઈ રહેલો આ ઉત્તરોત્તર વધારો રાજ્યના આર્થિક આયોજન અને નાણાકીય શિસ્ત સામે ચર્ચાનો વિષય બન્યો છે.

દેવાની રકમની સાથે તેની પરત ચૂકવણીના આંકડા પણ નોંધપાત્ર રીતે ઊંચા ગયા છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સરકારે વ્યાજ પેટે રૂ. ૨૫,૬૦૪ કરોડ અને મુદ્દલની ચૂકવણી પેટે રૂ. ૨૯,૧૨૬ કરોડ ખર્ચ્યા હતા. જ્યારે ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજ મુજબ વ્યાજની રકમ વધીને રૂ. ૨૭,૦૯૫ કરોડ અને મુદ્દલની ચૂકવણી રૂ. ૩૪,૦૨૫ કરોડ થવાની ધારણા છે. આમ, આગામી નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારની સરકારી તિજોરીમાંથી કુલ રૂ. ૬૧,૧૨૦ કરોડ જેટલી જંગી રકમ માત્ર ભૂતકાળમાં લીધેલા દેવાના વ્યાજ અને મુદ્દલની ચુકવણી પાછળ જ ખર્ચાઈ જશે તેવો અંદાજ મૂકવામાં આવ્યો છે.

રાજ્યના બજેટનો મોટો હિસ્સો દેવાની ભરપાઈ કરવામાં વપરાઈ રહ્યો હોવાથી તેની સીધી અસર ભાવિ વિકાસલક્ષી ખર્ચાઓ અને કલ્યાણકારી યોજનાઓના ભંડોળ પર પડી શકે છે.

૨૦૨૪-૨૫ની સરખામણીએ ૨૦૨૫-૨૬માં વ્યાજ અને મુદ્દલની ચૂકવણીના બોજમાં મોટો વધારો નોંધાયો છે. વિધાનસભામાં આ આંકડાઓ જાહેર થયા બાદ રાજ્યના આર્થિક વ્યવસ્થાપન અંગે વિવિધ પાસાઓ પર ચર્ચાઓ તેજ બની છે.

## પેકેજ્ડ ફૂડમાં ખાંડ, મીઠું અને ચરબી અંગે સુપ્રીમ કોર્ટ લાલઘૂમઃ FSSAI પાસે ૧૦ દિવસમાં માંગ્યો વિસ્તૃત જવાબ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશમાં પેકેજ્ડ ખાદ્યપદાર્થોના વપરાશ અને તેનાથી સ્વાસ્થ્ય પર પડતી અસરો અંગે સુપ્રીમ કોર્ટે અત્યંત ગંભીર વલણ અપનાવ્યું છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ને પેકેજ્ડ ફૂડમાં ઉચ્ચ ખાંડ, મીઠું અને ચરબીના પ્રમાણ અંગે અનેક આકરા પ્રશ્નો પૂછ્યા છે. ખાસ કરીને બાળકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને પેકેજના આગળના ભાગમાં ગ્રાહકો સરળતાથી સમજી શકે તેવા ચેતવણી લેબલ મૂકવા અંગે કોર્ટે ૧૦ દિવસની અંદર શપથપત્ર દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૨૮ સપ્ટેમ્બરે હાથ ધરવામાં આવશે.

સુનાવણી દરમિયાન FSSAI એ પ્રસ્તાવ મૂક્યો હતો કે 'હાઈ ફેટ', 'હાઈ સુગર' કે 'હાઈ સોલ્ટ' ધરાવતા પેકેજ પર લાલ રંગનો ષટ્કોણ દર્શાવવામાં આવશે અને આ યોજના બે તબક્કામાં લાગુ કરાશે. સુપ્રીમ કોર્ટે FSSAI ના આ બે તબક્કાના પ્રસ્તાવમાં મોટી ખામીઓ દર્શાવતા પૂછ્યું હતું કે પ્રથમ તબક્કામાં સિંગલ ઘટક ધરાવતા હાનિકારક ખોરાકને કેમ બહાર રાખવામાં આવ્યા? ઉપરાંત, બે તબક્કા વચ્ચે ચોક્કસ સમયમર્યાદા નક્કી ન હોવાથી નિયમોનો અમલ અનિશ્ચિત સમય માટે લંબાઈ શકે છે.

કોર્ટે FSSAI ના 'લાલ ષટ્કોણ'ના પ્રસ્તાવ સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. ભારતમાં સામાન્ય રીતે લાલ રંગને માંસાહારી ખોરાક સાથે જોડવામાં આવતો હોવાથી તેનાથી ગ્રાહકોમાં મૂંઝવણ ઊભી થઈ શકે છે. દેશમાં ભાષાકીય વિવિધતા અને નિરક્ષરતાને ધ્યાનમાં રાખીને માત્ર અંગ્રેજીમાં High Sugar કે High Fat લખવાને બદલે ચિત્રો અથવા પ્રતીકોનો ઉપયોગ કરવાનો સુઝાવ આપ્યો હતો, જેથી સામાન્ય વ્યક્તિ પણ દૂરથી જોઈને સમજી શકે.

આ ઉપરાંત, અદાલતે ચેતવણી લેબલના ચોક્કસ કદ, પેકેજિંગ પર તેની જગ્યા, તેમજ ઉમેરાયેલી ખાંડ અને સંતૃપ્ત ચરબી ની સાચી વ્યાખ્યા સ્પષ્ટ કરવા કહ્યું છે. દેશના બાળકોમાં નાનપણથી જ યોગ્ય આહાર પદ્ધતિ કેળવાય તે માટે શાળાઓમાં કાર્યક્રમો અને વર્કશોપ દ્વારા ન્યુટ્રિશનલ માહિતી અને ચેતવણી ચિહ્નો સમજાવવા માટે કેન્દ્ર સરકાર શું પગલાં લઈ રહી છે તેનો જવાબ પણ કોર્ટે માંગ્યો છે.

## ગુજરાતમાં ધંધો કરવો બનશે સરળ, વિધાનસભામાં 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ બિલ-૨૦૨૬' પાસ

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત વિધાનસભા ખાતે ઉદ્યોગ રાજ્યમંત્રી ડો.જયરામ ગામીતે કહ્યું હતું કે, રાજ્યમાં ઉદ્યોગ-વ્યવસાય માટેની નિયમનકારી પ્રક્રિયાઓને વધુ સરળ, ઝડપી, પારદર્શક અને ઉદ્યોગ સ્નેહી બનાવવા માટે 'ગુજરાત ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ બિલ,૨૦૨૬' પસાર કરવામાં આવ્યું છે.

રાજ્ય મંત્રી ડો.ગામીતે બિલ અંગે ગૃહમાં વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે,વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મિનિમમ ગવર્નમેન્ટ,મેક્સિમમ ગવર્નન્સ'ના વિઝનને સાકાર કરવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે.રાજ્યમાં વ્યવસાય અને રોકાણકારી પ્રક્રિયાઓને વધુ સરળ, પારદર્શક અને ઉદ્યોગસ્નેહી બનાવવાના હેતુથી આ મહત્વપૂર્ણ વિધેયક લાવવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે,આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદ્યોગો અને નાગરિકો પરનો બિનજરૂરી નિયમનકારી બોજ ઘટાડવાનો, પ્રક્રિયાઓને સરળ બનાવવાનો, સ્વ-ઘોષણા અને સ્વ-પ્રમાણીકરણને પ્રોત્સાહન આપવાનો તેમજ જોખમ આધારિત અને ટેક્નોલોજી આધારિત વહીવટી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો છે.ઓછા જોખમવાળી પ્રવૃત્તિઓમાં ફરજિયાત પૂર્વ મંજૂરી તથા ભૌતિક સંપર્કની જરૂરિયાત ઘટાડીને વિશ્વાસ આધારિત શાસન તરફ આગળ વધવાની દિશા આ બિલમાં દર્શાવવામાં આવી છે.

ગૃહમાં વિધેયકના હાર્દ અને હેતુ સ્પષ્ટ કરતાં રાજય મંત્રી ડો જયરામ ગામીતે જણાવ્યું હતું કે, આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય નિયંત્રણ આધારિત શાસનમાંથી 'વિશ્વાસ અને જોખમ આધારિત શાસન' તરફ આગળ વધવાનો છે. આ વિધેયક દ્વારા જુદા જુદા પાંચ રાજ્ય કાયદાઓની ૧૨ સુધારાત્મક કલમોને એક જ છત્ર હેઠળ લાવીને કાયદાકીય પ્રક્રિયાને સરળ બનાવીને સદનનો સમય બચાવવામાં આવ્યો છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પ, ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ અને આગામી ૧૧મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ના પૃષ્ઠભૂમિમાં આ સુધારાઓ રોકાણકારોના વિશ્વાસમાં વધારો કરશે.

## દેશભરમાં હવામાન તંત્ર સક્રિય થતાં વરસાદ અને વાવાઝોડાનું ઓરેન્જ-યલો એલર્ટઃ ૮૫ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા

### ગુજરાત સહિત ૧૫થી વધુ રાજ્યોમાં મુશળધાર વરસાદની આગાહીઃ પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનની તોળાતી ભીતિ

**સમય સંદેશઃ ગાંધીનગર**



હવામાન વિભાગ દ્વારા તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ દેશના વિવિધ રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ગંભીર ચેતવણી જારી કરવામાં આવી છે. ઉત્તર પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ઉદ્ભવેલા સાઇક્લોનિક સર્ક્યુલેશન અને નીચા દબાણવાળી ટ્રોફ લાઇનના કારણે ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, રાજસ્થાન, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ગુજરાત તથા દક્ષિણ ભારતના ભાગોમાં હવામાન પલટાશે. આ દરમિયાન દિલ્હીમાં ૫૦થી ૬૦ કિમી, રાજસ્થાનમાં ૬૦થી ૭૦ કિમી અને કેન્દ્રીય વિસ્તારોમાં ૮૦થી ૮૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાવાની સાથે વીજળીના કડાકા-ભડાકા થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

ઉત્તરપૂર્વ ભારત અને પહાડી રાજ્યોમાં હવામાન અત્યંત સક્રિય રહેશે. આસામ, ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડ, સિક્કિમ તેમજ ઉત્તરાખંડના દેહરાદૂન, હરિદ્વાર, ઋષિકેશ અને નૈનીતાલ સહિતના વિસ્તારોમાં મુશળધાર વરસાદના લીધે ભૂસ્ખલન (લેન્ડસ્લાઇડ) થવાનું અને નદી-નાળાઓમાં પૂર આવવાનું જોખમ રહેલું છે. આ ઉપરાંત દક્ષિણ ભારતમાં કેરળ, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના દરિયાકાંઠાના વિસ્તારોમાં તીવ્ર પવન

અનુ પાના નં.૨ પર

## PMOના નકલી આઈડી અને રિવોલ્વર સાથે ઝડપાયેલા આરોપીઓની તપાસમાં સનસનાટીભર્યો ખુલાસોઃ ChatGPTની મદદથી બોગસ દસ્તાવેજો બનાવ્યા



**સમય સંદેશઃ નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુંબઈ મુલાકાતની પૂર્વસંધ્યાએ બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ સ્થિત જિયો વર્લ્ડ પ્લાઝામાંથી વડાપ્રધાન કાર્યાલયના નકલી ઓળખપત્ર અને રિવોલ્વર સાથે ઝડપાયેલા બે આરોપીઓની સઘન તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. પોલીસે મુખ્ય આરોપી રોહન પરીખ (વય ૨૪) ના ખાર સ્થિત નિવાસસ્થાને દરોડો

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

# એઆઈનું તાંડવ !

ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંસાધનો અને સંસ્થાઓનો શિકાર કરવાની ક્ષમતા પણ આ કૃત્રિમ બુદ્ધિમત્તા મેળવી શકે છે. તેનાથી પણ વધુ ચિંતાજનક વાત એ છે કે એન્થ્રોપિકના પોતાના એલાઈનમેન્ટ સાયન્સ હેડ, ઈવાન હ્યુબિન્ગરે સ્વીકાર્યું છે કે કંપની પાસે હજુ સુધી માનવ હિતો સાથે સુસંગત સુપરઈન્ટેલિજન્ટ સિસ્ટમો બનાવવા માટે કોઈ ઉકેલ નથી. આવા નિવેદનો, અલબત્ત, એઆઈ ઉદ્યોગના મૂળમાં રહેલા ખતરનાક વિરોધાભાસને ઉજાગર કરે છે. કંપનીઓ વધુને વધુ સ્વીકારી રહી છે કે અદ્યતન અઈ માનવતા માટે નોંધપાત્ર જોખમો ઉભા કરી શકે છે. આ વાસ્તવિકતા હોવા છતાં, આ ક્ષેત્રમાં તીવ્ર સ્પર્ધા તેમને વધુ સક્ષમ સિસ્ટમો વિકસાવવા માટે મજબૂર કરી રહી છે. તેમને ડર છે કે જો તેઓ આમ નહીં કરે, તો બીજી કંપની પહેલ કરશે અને વૈશ્વિક એઆઈ બજાર પર પ્રભુત્વ મેળવશે. આ આંધળી સ્પર્ધા એક દિવસ માનવતાને વિનાશક આપત્તિના આરે મૂકી શકે છે. એ વાત નિર્વિવાદ છે કે વૈશ્વિક સ્તરે એઆઈના ઉપયોગથી દવા, વિજ્ઞાન અને ઉત્પાદનમાં અભૂતપૂર્વ લાભો મળ્યા છે. છતાં, તકનીકી પ્રગતિને ફક્ત સુધારેલી ક્ષમતાઓની હદ દ્વારા માપી શકાતી નથી. સૌથી મહત્વની બાબત એ છે કે સુરક્ષા અને જવાબદારી પણ અઈમાં પ્રગતિની ગતિએ આગળ વધવી જોઈએ. સતત સંશોધન દ્વારા મોટા પાયે ખરેખર અદ્યતન એઆઈ ક્ષમતાઓ પ્રાપ્ત કરવા માટેના ગંભીર પડકારો ચિંતાનો વિષય છે. જો કે યુએસ અને ચીન વચ્ચેની કઠોર સ્પર્ધા શક્તિશાળી એઆઈના પ્રસારને વેગ આપે છે, જ્યારે કંપનીઓ તેમની સિસ્ટમોને સુરક્ષિત રાખવા માટે સંઘર્ષ કરે છે, તો જોખમો કોર્પોરેટ સ્પર્ધાથી આગળ વધે છે. આવી સ્થિતિમાં, સરકારો માનવતાના ભવિષ્યને લગતા નિર્ણયો ટેક કંપનીઓ પર છોડી શકતી નથી. મોટી એઆઈ પ્રયોગશાળાઓ માટે લાગુ કરી શકાય તેવા સલામતી ધોરણો, સ્વતંત્ર દેખરેખ અને પારદર્શક જોખમ મૂલ્યાંકન આવશ્યક છે. વધુમાં, એઆઈની સૌથી ખતરનાક ક્ષમતાઓના વિકાસ પર આંતરરાષ્ટ્રીય મર્યાદા નક્કી કરવી હવે અનિવાર્ય છે. વિશ્વભરમાં અઈ વિરુદ્ધ ઉઠતા અવાજોને ગંભીરતાથી લેવા જોઈએ. ખરેખર, જ્યારે માનવ સભ્યતા જોખમમાં મુકાય છે અને તેનું ભવિષ્ય પણ જોખમમાં મુકાય છે, ત્યારે કોઈપણ અવિચારી પગલું ઘાતક સાબિત થઈ શકે છે. આર્થિક ક્ષેત્રમાં પણ એઆઈની અસર ખૂબ જ જટિલ છે. અઈના સમર્થકોનું માનવું છે કે ઓટોમેશન ઉત્પાદકતા વધારશે અને નવી પ્રકારની નોકરીઓ તથા ઉદ્યોગોનું સર્જન કરશે.





## હાલારના હાલહવાલ





# સનાતન ધર્મ સંસ્થાન મહિલા સમિતિના જામનગર જિલ્લા પ્રમુખ નિમાયા

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાપીઠના જગદ્ગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી મહારાજના આશીર્વાદ તથા પૂજ્ય મુક્તાનંદજી બાપુના માર્ગદર્શન હેઠળ અને ઉષા કપૂરના પ્રમુખપદે સનાતન ધર્મ સંસ્થાન મહિલા સમિતિની વાર્ષિક અહેવાલ બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સંસ્થાના નિયુક્ત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવેલી વિવિધ ધાર્મિક, સામાજિક તથા સેવાકીય પ્રવૃત્તિઓનું સુંદર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું



હતું. આ પ્રસંગે જામનગર જિલ્લા પ્રમુખ તરીકે હર્ષિતા મહેતાની વરણી જાહેર કરવામાં આવી હતી અને પૂજ્ય મુક્તાનંદજી બાપુ દ્વારા તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

જામનગર જિલ્લા પ્રમુખ તરીકેની મહત્વની જવાબદારી સંભાળ્યા બાદ હર્ષિતા મહેતાએ જણાવ્યું હતું કે, સનાતન ધર્મને માત્ર માનવાની જરૂર નથી, પરંતુ તેને ઊંડાણપૂર્વક સમજવાની જરૂર છે. આપણી પાસે હજારો વર્ષ જૂની સમૃદ્ધ જ્ઞાનપરંપરા છે, પરંતુ જો આપણે તેના મૂળ અર્થને સમજી શકીએ નહીં તો આટલો વિશાળ વારસો પણ આપણા રોજિંદા જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી શકતો નથી. તેથી આ વારસાને સાચા અર્થમાં આત્મસાત કરવો અત્યંત જરૂરી છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આપણી સંસ્થાનો મુખ્ય પ્રયાસ શાસ્ત્રોના જ્ઞાનને સરળ ભાષામાં સમજીને તેની પાછળ રહેલાં રહસ્યો અને તત્ત્વજ્ઞાનને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો રહેશે. આ યાત્રા માત્ર બાહ્ય સંસ્કૃતિને જાણવાની નથી, પરંતુ અંદરની ચૈતસિક યાત્રા પણ છે. પોતાના મૂળ સાથે જોડાઈને, શાસ્ત્રોને સમજીને અને પોતાની ચેતનાને ઉન્નત બનાવીને જ વ્યક્તિ પોતાના જીવનમાં સાચી પ્રગતિ અને આધ્યાત્મિક વિકાસ સાધી શકે છે.

# ખંભાળીયાના આહીર સિંહણ ગામે સોમવારે પહેડી મહોત્સવ



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના આહિર સિંહણ ગામે બિરાજમાન શ્રી સમસ્ત ક્ષત્રિય સંઘાર સમાજના ઈષ્ટદેવ શ્રી સંઘાયડા વારા જખ બૌતેરા ડાડાની પહેડી મહોત્સવનું આયોજન આગામી સોમવાર તા. ૧૪ના રોજ કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ક્ષત્રિય સંઘાર ટ્રસ્ટ દ્વારા ભાદરવા સુદ ત્રીજને સોમવારે સવારે ૧૧ વાગ્યે ધ્વજારોહણ, ૧૧:૩૦ વાગ્યે મહાઆરતી તેમજ બપોરે ૧૨ વાગ્યે મહાપ્રસાદીનું આયોજન કરાયું છે. આ તમામ ધાર્મિક પ્રસંગે સૌરાષ્ટ્ર કચ્છ વાગડના ક્ષત્રિય સંઘાર સમાજના જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા ક્ષત્રિય સંઘાર સમાજ ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શ્રાવણી અમાસ નિમિતે ખંભાળીયાના વિવિધ શિવ મંદિરોમાં વિવિધ આયોજનો

**સમય સંદેશઃ ખંભાળિયા**

પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિને ખંભાળિયા પંથકના વિવિધ શિવ મંદિરોમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શુક્રવારે શ્રાવણી અમાસના રોજ ખંભાળિયાના પુરાણ પ્રસિદ્ધ શ્રી રામનાથ મહાદેવ, શ્રી ખામનાથ મહાદેવ, ધીંગેશ્વર મહાદેવ, કોટેશ્વર મહાદેવ, નાગનાથ મહાદેવ વિગેરે તમામ નાના-મોટા શિવ મંદિરોમાં પૂજન અર્ચન સહિતના ખાસ કાર્યક્રમ યોજાયા હતા. ખંભાળિયા શહેરના પાદરમાં બિ.રાજતા શ્રી રામનાથ મહાદેવ મંદિરનું પણ અનન્ય મહાત્મય છે. જેમાં નિજ મંદિરમાં એક સાથે ત્રણ શિવલિંગ સ્થાપિત છે. જે જવલ્લે જ જોવા મળે છે. અહીં દરરોજ મોટી સંખ્યામાં શિવ ભક્તો દૂધ, જળ, પુષ્પ, બિલ્વપત્ર વિગેરે દ્વારા ભોળાનાથની ભક્તિ કરે



છે. અહીં ઘીની મહાપૂજાના અલભ્ય દર્શનનું આયોજન કરવામાં આવે છે. શુક્રવારે અમાસ નિમિત્તે અહીં મહા આરતી, દીપમાળાના દર્શન, ઘી ની મહાપૂજા સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

# સલાયા ન.પા.માં ચીફ ઓફિસર તરીકે નાયબ મામલતદાર વિજયકુમાર સોલંકીની નિમણુંક

**સમય સંદેશઃ સલાયા**



સલાયા નગરપાલિકાને નવા ચીફ ઓફિસર મળ્યા છે. દ્વારકા જિલ્લા કલેક્ટર કચેરીના નાયબ મામલતદાર વિજયકુમાર ગોવિંદભાઈ સોલંકીની સલાયા નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે. લાંબા સમયથી સલાયા નગરપાલિકામાં ચીફ ઓફિસરની જગ્યા ખાલી હતી. આ જગ્યા પર ચેતન બી. ડુડિયા ઇનચાર્જ ચીફ ઓફિસર તરીકે સેવા આપતા હતા. ચીફ ઓફિસરની જગ્યા ખાલી હોવાથી પ્રજાલક્ષી કામોમાં વિલંબ થતો હતો. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર મુજબ, 'ક' અને 'ડ' વર્ગની નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની જગ્યા ખાલી હોય તો નાયબ મામલતદાર વર્ગ ૩ ને લોન સેવા પર નિમણૂક કરવામાં આવે છે. આ નિયમ હેઠળ સોલંકીની નિમણૂક થઈ છે. સલાયા નગરપાલિકામાં હાલ સફાઈ, ભૂગર્ભ ગટરના પ્રશ્નો અને ઘણા વિકાસ કાર્યો અટકેલા પડ્યા છે. નવા ચીફ ઓફિસરની નિમણૂક થતા હવે આ અટકેલા કામોને વેગ મળશે. સલાયાના લોકોને પ્રાથમિક સુવિધાઓમાં વધારો થવાની આશા છે. આ નિમણૂક બાદ વોર્ડ નંબર એકના જાગૃત નાગરિકોએ નવા ચીફ ઓફિસરની મુલાકાત લીધી હતી. તેમણે ગામના પ્રશ્નો અને તેના ઉકેલ બાબતે ચર્ચાઓ કરી હતી.

# દુષ્કર્મ કેસમાં પતિના આરોપી મિત્રની જામીન અરજી રદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની પરિણિતા ઉપર પતિના મિત્રએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવ્યા બાદ ધરપકડ પામીને જેલ હવાલે થયેલા આરોપીએ સેશન્સ અદાલતમાં મુકેલી જામીન અરજી અદાલતે રદ કરતો હુકમ કર્યો છે. શહેરમાં ગત મે માસમાં એક પરિણિતાએ હુસેન રાવકરડા વિરૂધ્ધ પોતાના સંતાનને પતાવી દેવાની ધમકી આપીને તેમજ પોતાના પાસે સબુત છે. જેની ભોગ બનનારના પતિને વાત કરી દેવાની ધમકી આપીને દુષ્કર્મ કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

તેથી પોલીસે ફરિયાદ ઉપરથી આરોપીની ધરપકડ કરી હતી. આરોપીને પોલીસે જેલ હવાલે કર્યા બાદ તેણે જામીન અરજી મુકી હતી. જેની સુનાવણીમાં સરકારી વકીલ રાજેશભાઈ વશીયરએ કોર્ટમાં રજુઆત કરી હતી કે, આરોપીને જામીન મુક્ત ન કરવામાં આવે, છોકરાને છરીથી મારી નાંખવાની ધમકી આપીને બળાત્કાર જેવો ગુનો થયાની ફરિયાદ છે.

અદાલતે સરકારી વકીલની રજુઆતો ગ્રાહ્ય રાખીને અદાલતે બંને પક્ષોને સાંભળીને આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે.

# ખેલો ઈન્ડિયા દ્વારા પ્રમાણિત 'ટાર્ગેટ રાઈફલ શૂટિંગ એકેડમી'નો ધૈર્ય કુબાવત બન્યો નેશનલ મેડાલીસ્ટઃ સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને વધાર્યું ગુજરાત નું ગૌરવ

**સમય સંદેશઃ જામનગર**

મૂળ જામનગર નો રહેવાસી તેમજ ખેલો ઇન્ડિયા દ્વારા પ્રાપ્ત સુરતની ''ટાર્ગેટ રાઇફલ શૂટિંગ એકેડમી''ના નિશાનેબાજ ધૈર્ય અમિતભાઇ કુબાવતે ૩૦ ઓગસ્ટ થી ૬ સપ્ટેમ્બર દરમ્યાન ભોપાલ ખાતે યોજાયેલી ૨૮મી ઓલ ઇન્ડિયા કુમારસિંહ ઇન્ટર સ્કૂલ પિસ્તોલ શૂટિંગ ચેમ્પિયનશિપ ની સબ યુથ ગછ મેન નામક ટિમ ઇવેન્ટ માં ભાગ લીધો હતો જેમાં તેણે પોતાના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન થકી સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને દેશભર માં ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું હતું. હાલ ધૈર્ય કુબાવત સુરત ની ''ટાર્ગેટ રાઇફલ શૂટિંગ એકેડમી'' ના ડિરેક્ટર તેમજ કોચ એવા દિવ્યેશભાઈ ગેડીયાના નેતૃત્વ



હેઠળ પિસ્તોલ શૂટિંગની તાલીમ પ્રાપ્ત કરી રહ્યો છે. ધૈર્યની મહેનત જોઈને તેના કોચ દિવ્યેશભાઈ ગેડીયા સહીત સમગ્ર ગુજરાતને વિશ્વાસ છે કે આવનારા દિવસો માં યોજાનારી નેશનલ શૂટિંગ સ્પર્ધામાં ધૈર્ય પોતાનું સર્વશેષ્ઠ પ્રદર્શન કરશે અને ફરીથી દેશભરમાં પોતાનું , પરિવારનું , એકેડેમીનું તેમજ સમગ્ર ગુજરાત નું નામ રોશન કરશે.

# ગોંડલઃ સુરેશ્વર મહાદેવ મંદિરે અદ્ભૂત શણગાર



**સમય સંદેશઃ જામનગર**
**(તુષાર વ્યાસ)**

ગોંડલના પ્રાચીન સુરેશ્વર મહાદેવ મંદિરે અમાસના દિવસે રંગબેરંગી, ફૂલ, ફુગ્ગા અને વેફર્સનો અદભુત શણગાર કરવામાં આવ્યો.

## અનુસંધાન

### જામનગરના બેન્ક

(પાના નં. ૪ થી આગળ)

કરોડોના વ્યવહારો અટકી જવાની ભીતિ સેવાઈ રહી છે. જોકે આ સમયગાળા દરમિયાન એટીએમ, ઓનલાઈન બેન્કિંગ સેવાઓ અને ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ ચાલુ રહેવાના કારણે સામાન્ય ગ્રાહકોને પોતાની દૈનિક જરૂરિયાતો માટે આંશિક રાહત મળી રહેશે.

### જોગવડના રામદૂત

(પાના નં. ૪ થી આગળ)

કરણાભાઈ વસરા, સલીમભાઈ મલેક, મહેશભાઈ જોગલ અને કુલદિપસિંહ પરમાર સહિતના પોલીસ સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવી હતી. ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને આગળની સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

### બાલાચડી દરિયાકાંઠે

(પાના નં. ૩ થી આગળ)

હતો. આ ધાર્મિક પ્રસંગે બાલાચડી નજીક આવેલા ખીરી હનુમાનજી મંદિર ખાતે લીંબુડા ગામના સેવાભાવી યુવાનો દ્વારા દર વર્ષની પરંપરા મુજબ ભક્તો માટે મહાપ્રસાદ (જમણવાર)નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દૂર-દૂરથી આવતા યાત્રાળુઓ અને શ્રદ્ધાળુઓ માટે ભોજનની ઉત્કૃષ્ટ વ્યવસ્થા કરીને લીંબુડા ગામના તમામ યુવાનોએ એક થઈને માનવતા અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ સેવાકાર્યથી સમગ્ર બાલાચડી પંથકમાં ભક્તિની સાથે સેવા અને સમર્પણનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

### આંદોલનની ચીમકી

(પાના નં. ૩ થી આગળ)

જામનગર ગ્રામ્યની આઈ.એલ.આર. કચેરીના સિનિયર સર્વેયર ચંદ્રેશ ડાયાભાઈ નકુમે જણાવ્યું હતું કે કર્મચારીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નો અંગે કોઈ સકારાત્મક નિર્ણય ન આવતા રાજ્ય મંડળના આદેશ મુજબ આ વિરોધ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

આગેવાનોએ વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે જો સરકાર દ્વારા તાકીદે આ પડતર પ્રશ્નોનો યોગ્ય ઉકેલ લાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં રાજ્ય યુનિયનની જે પણ સૂચના અપાશે તે મુજબ આંદોલનને વધુ તીવ્ર અને ઉગ્ર બનાવવામાં આવશે. જામનગર જિલ્લા યુનિટના તમામ કર્મચારીઓ આ વિરોધમાં એકજૂટ થઈને જોડાયા છે અને રાજ્ય મંડળની માર્ગદર્શિકા મુજબ આગળની રણનીતિ નક્કી કરીને લડત ચાલુ રાખશે.

### સમિટ ૨૦૨૬નો પ્રારંભ

(પાના નં. ૧ થી આગળ)

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય મુલાકાત કરી હતી અને તેમને પ્રાચીન તમિલ સાહિત્યની પ્રસિદ્ધ રચના 'તિરુક્કુરલ'ની રશિયન ભાષાંતરિત પ્રત ભેટમાં આપી હતી. બંને નેતાઓએ ઇનરોપ્રોમ પ્રદર્શન પણ નિહાળ્યું હતું. ભારત અને રશિયા વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં સંરક્ષણ સહયોગ, પરમાણુ ઊર્જા, ટેકનોલોજી અને ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચાડવાના લક્ષ્યાંક પર ગંભીર ચર્ચા થઈ હતી. આ બેઠકમાં જ-૪૦૦ મિસાઈલ સિસ્ટમની બાકીની ખેપ મેળવવા, Su-30MKI ને 'સુપર સુખોઈ'માં અપગ્રેડ કરવા અને હળવા વજનની 'બ્રહ્મોસ-NG' મિસાઈલના સંયુક્ત ઉત્પાદન જેવા મહત્વના મુદ્દાઓ પર વાતચીત આગળ વધી હતી. આ ઉપરાંત બંને દેશોએ ડોલર પર નિર્ભરતા ઘટાડીને સ્થાનિક ચલણ રૂપિયા-રૂબલમાં વેપાર સરળ બનાવવા તેમજ ઇન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INSTC) ને ઝડપી બનાવવા પર સંમતિ દર્શાવી હતી.

સમિટના ભાગરૂપે દિલ્હી ખાતે વૈશ્વિક નેતાઓનું આગમન સતત ચાલુ રહ્યું છે. પીએમ મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન સાથે પણ દ્વિપક્ષીય બેઠક યોજી હતી, જેમાં ઈરાની રાષ્ટ્રપતિએ પરસ્પર વેપારમાં સ્થાનિક કરન્સીના ઉપયોગ પર ભાર મૂક્યો હતો. યુએન મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ રામાફોસા અને ઈજિપ્તના રાષ્ટ્રપતિ અલ-સિસિ સહિતના નેતાઓ નવી દિલ્હી આવી પહોંચ્યા છે. સમિટ માટે સુરક્ષાની અભેદ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેમાં ૩૦ હજાર જવાનો, આકાશ મિસાઈલ સિસ્ટમ, એન્ટી-ડ્રોન ટેકનોલોજી અને સ્નાઈપર્સ તૈનાત કરવામાં આવ્યા છે. તા. ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ મુખ્યા શિખર સંમેલનનું આયોજન થશે, જેમાં નવી દિલ્હી ઘોષણાપત્ર જારી કરવામાં આવશે.

### સકારાત્મક વલણ

(પાના નં. ૧ થી આગળ)

૧૩ સપ્ટેમ્બર દરમિયાન નવી દિલ્હીમાં યોજાનારી આ ચોથી ભારતીય અધ્યક્ષતાવાળી બ્રિક્સ સમિટ દરમિયાન પીએમ મોદી અને શી જિનપિંગ વચ્ચેની દ્વિપક્ષીય વાટાઘાટો બંને દેશો વચ્ચેના ભવિષ્યના સંબંધોની દિશા નક્કી કરવામાં અત્યંત નિર્ણાયક સાબિત થશે.

### ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ

(પાના નં. ૧ થી આગળ)

થવાનો અંદાજ છે. આ કરાર લાગુ થવાથી ભારતમાં આયાત થતી યુરોપિયન કાર પરનો ટેરિફ તબક્કાવાર ૧૧૦% થી ઘટીને ૧૦% થઈ જશે, જ્યારે ઓટો પાર્ટ્સ પરનો ટેક્સ ૫ થી ૧૦ વર્ષમાં સંપૂર્ણપણે હટી જશે. ઉપરાંત, યુરોપિયન વાઈન, ઓલિવ ઓઈલ અને કન્ફેક્શનરી જેવી ચીજવસ્તુઓ પર આયાત દર ઘણો ઓછો થશે. જોકે, બંને પક્ષોએ પોતાના સંવેદનશીલ કૃષિ ક્ષેત્રો જેવા કે બીફ, ચિકન, ચોખા અને ખાંડને આ છૂટછાટોમાંથી બહાર રાખી સુરક્ષિત રાખ્યા છે. આ કરારથી સામાન સિવાય ફાઈનાન્શિયલ અને મરીન ટ્રાન્સપોર્ટ જેવા સર્વિસ સેક્ટરમાં પણ યુરોપિયન કંપનીઓ માટે ભારતીય માર્કેટમાં પહોંચ વધશે, સાથે જ ટકાઉ વિકાસ અને પર્યાવરણ સંરક્ષણની જોગવાઈઓનો પણ સમાવેશ કરાયો છે.

ઉલ્લેખનીય છે કે ભારત અને ઊંઞ વચ્ચે વર્ષ ૨૦૦૭ માં શરૂ થયેલી વાટાઘાટો લાંબા સમય સુધી અટક્યા બાદ ૨૦૨૨ માં પુનઃ શરૂ થઈ હતી, અને ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ નવી દિલ્હીમાં યોજાયેલા શિખર સંમેલનમાં તેને સત્તાવાર રીતે આખરી રૂપ આપવામાં આવ્યું હતું. જોકે, આ પ્રસ્તાવ રજૂ થવાની સાથે જ કરાર તાત્કાલિક લાગુ થશે નહીં; EU કાઉન્સિલની મંજૂરી બાદ હસ્તાક્ષર થશે અને ત્યારબાદ યુરોપિયન પાર્લામેન્ટ તેમજ ભારત સરકારની આંતરિક મંજૂરી પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ આ ઐતિહાસિક વેપાર કરાર સંપૂર્ણપણે અમલમાં આવશે.

### બોગસ દસ્તાવેજો બનાવ્યા

(પાના નં. ૧ થી આગળ)

પાડીને PMO સંબંધિત બોગસ દસ્તાવેજો, લેપટોપ અને ડિજિટલ સાધનો જપ્ત કર્યા છે. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ ચોંકાવનારી કબૂલાત કરી હતી કે આ તમામ નકલી ઓળખપત્રો અને બોગસ દસ્તાવેજો તેણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટૂલ 'ચેટ જીપીટી'નો ઉપયોગ કરીને તૈયાર કર્યા હતા.

આ ઘટના ગત ૭ સપ્ટેમ્બરે બની હતી, જ્યારે પીએમ મોદી બીકેસી ખાતે ગ્લોબલ ફિનટેક ફેસ્ટનું ઉદઘાટન કરવાના હતા. કાર્યક્રમ સ્થળ નજીક આવેલા મોલમાં રોહન પરીખે પોતાના મોબાઈલમાં PMOનું નકલી આઈડી કાર્ડ બતાવ્યું હતું, જ્યારે તેની સાથે રહેલો દિલીપ કુંદે (વય ૪૯) નામનો શખ્સ રિવોલ્વર સાથે મળી આવ્યો હતો. પોતાને લશ્કરનો ભૂતપૂર્વ જવાન ગણાવતા કુંદે પાસે નાશિક ગ્રામીણનું રિવોલ્વર લાઈસન્સ હોવાનું સામે આવ્યું છે. તપાસ અધિકારીઓએ અદાલતને જણાવ્યું હતું કે રોહન પરીખની મોબાઈલ સર્ફિંગ હિસ્ટ્રી જોતાં તે લાંબા સમયથી પીએમઓ સંબંધિત પત્રવ્યવહારની વિગતો ગૂગલ પર સર્ચ કરી રહ્યો હતો અને વર્ષ ૨૦૨૫થી ચેટ જીપીટીની મદદથી અંગ્રેજીમાં પીએમઓ આધારિત બોગસ કાગળો બનાવતો હતો.

### વાવાઝોડાનું ઓરેન્જ

(પાના નં. ૧ થી આગળ)

સાથે વરસાદ થવાની પૂરેપૂરી શક્યતા દર્શાવાઈ છે, જેને પગલે લોકોને સાવચેત રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ગુજરાતની વાત કરીએ તો અમદાવાદ સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં ૧૨ સપ્ટેમ્બર માટે હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના છે. આ સિવાય અમદાવાદ, ગાંધીનગર તેમજ રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ ગાજવીજ સાથે છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટાં પડે તેવી સંભાવના હવામાન કાર્યાલય દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

# યોગગુરુ બાબા રામદેવનો નવો અંદાજઃ દેશમાં પ્રથમવાર રજૂ કર્યો 'આયુર્વેદિક હુક્કો'



**સમય સંદેશઃ હરદ્વાર**

યોગગુરુ બાબા રામદેવ પોતાના અનોખા અને ક્રાંતિકારી આયુર્વેદિક પ્રયોગો માટે અવારનવાર ચર્ચામાં રહે છે, પરંતુ આ વખતે તેમણે સોશિયલ મીડિયા પર એક એવો વિડીયો શેર કર્યો છે જેણે સમગ્ર દેશમાં ભારે કૌતુક અને ચર્ચા જગાવી છે. બાબા રામદેવે એક વિશેષ 'આયુર્વેદિક હુક્કા'ની વિભાવના રજૂ કરી છે. તેમણે દાવો કર્યો છે કે આ હુક્કાનો ઉપયોગ નશા કે મનોરંજન માટે નથી, પરંતુ આયુર્વેદિક સિદ્ધાંતો મુજબ શરીરના ત્રણ દોષો - વાત, પિત્ત અને કફને સંતુલિત કરવા માટે ધૂમ્રપાન રૂપી ઔષધ તરીકે કરવામાં આવે છે. સામાન્ય હુક્કામાં વપરાતા ઝેરી તમાકુ અને કેમિકલયુક્ત ફ્લેવર્સને બદલે બાબા રામદેવે સંપૂર્ણપણે પ્રાકૃતિક અને આયુર્વેદિક ઘટકોનો ઉપયોગ કરવાની સલાહ આપી છે.

# જામનગરની ભાગોળે આવેલા બાલાચડી દરિયાકાંઠે માનવ મહેરામણ ઉમટ્યું

## અમાસના કારણે પિતૃ તર્પણ અને સ્નાન કરવા દૂર દૂરથી લોકો પહોંચ્યાઃ ભક્તિની સાથે સેવા અને સમર્પણનો અનેરો ઉત્સાહ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના પ્રખ્યાત બાલાચડી દરિયાકાંઠે શ્રાવણી અમાસના પવિત્ર દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. લોકો સમુદ્રમાં પવિત્ર સ્નાન કરવા અને પિતૃ તર્પણ સહિતની ધાર્મિક વિધિઓ સંપન્ન કરવા દૂર-દૂરથી અહીં પહોંચ્યા હતા. લોકવાયકા મુજબ બાલાચડીના






તસવીરઃ હિરેન ગાંધી

દરિયાકિનારે પિતૃઓ નિમિત્તે કરવામાં આવતી શ્રાદ્ધ વિધિ, પૂજન તથા માવા અર્પણ કરવાની પરંપરાનું વિશેષ મહાત્મ્ય રહેલું છે. આ પાવન અવસરે પૂજા-અર્ચના કરીને શ્રદ્ધાળુઓએ પિતૃઓની શાંતિ અને તૃપ્તિ માટે પ્રાર્થના કરી હતી, જેના કારણે સમગ્ર તટિય વિસ્તાર ભક્તિમય માહોલમાં રંગાઈ ગયો

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં જમીન દફતરના કર્મચારીઓનું 'પેન ડાઉન' આંદોલનઃ ગ્રેડ-પે સુધારણા સહિતની માગોને લઈ ૬૦ કર્મચારી કામથી દૂર રહ્યા, ઉગ્ર આંદોલનની ચીમકી

**સમય સંદેશઃ જામનગર**

રાજ્યભરમાં સરકારી કર્મચારીઓ પોતાના વિવિધ પડતર પ્રશ્નોને લઈને વિરોધ દર્શાવી રહ્યા છે, ત્યારે જામનગરમાં જમીન દફતર વિભાગ (ઈંકછ) ના વર્ગ-૩ના કર્મચારીઓ પણ આંદોલનના માર્ગે ઉતર્યા છે. ગુજરાત રાજ્ય લેન્ડ રેકોર્ડ કર્મચારી મંડળની સૂચના મુજબ જામનગર કચેરીના અંદાજે ૬૦ જેટલા કર્મચારીઓએ 'પેન ડાઉન' કરીને તમામ પ્રકારની કામગીરીથી પોતાને દૂર રાખ્યા હતા. કર્મચારીઓ કચેરીમાં હાજર રહ્યા હોવા છતાં




તસવીરઃ હિરેન ગાંધી

કામગીરીથી અળગા રહેતા જમીન માપણી અને સીમાંકન સહિતના કામ અટકી પડ્યા હતા, જેના કારણે દુર-દૂરથી આવતા અરજદારોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. કર્મચારીઓની મુખ્ય માંગણી ગ્રેડ-પે સુધારણાને લગતી છે. જેમાં તેઓ સર્વેયર સંવર્ગનો ગ્રેડ-પે ₹૨,૪૦૦ થી વધારીને ₹૨,૮૦૦ કરવા અને સિનિયર સર્વેયરનો ગ્રેડ-પે ₹૨,૮૦૦ ના બદલે ₹૪,૪૦૦ કરવાની આગ્રહભરી માગ કરી રહ્યા છે.

અનુ પાના નં.૨ પર

# જામનગરના ચાંદીબજારમાં ગણેશ મરાઠા મંડળ દ્વારા ૪૧માં વર્ષે ગણેશ ઉત્સવ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પ્રખ્યાત એવા ચાંદીબજાર સ્થિત શ્રી ગણેશ મરાઠા મંડળ દ્વારા છેલ્લા ૪૦ વર્ષની પરંપરા જાળવી રાખીને આ વર્ષે પણ ગણેશ ઉત્સવનું અદભુત આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે મંડળ દ્વારા સૂર્યનારાયણ અને બે અશ્વની વચ્ચે બિરાજમાન ગણપતિ બાપ્પાની મનોહર પ્રતિમા તેમજ ચાંદીની ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. ગણેશજીની મૂર્તિની આગમન



શોભાયાત્રા આગામી રવિવાર, ૧૩ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ કલાકે નીકળશે, જે ખંભાળિયા ગેટ, હવાઈચોક, સેન્ટ્રલ બેંક અને માંડવી ટાવર થઈને ચાંદીબજાર ખાતે સંપન્ન થશે. ડીજે મોગલના સૂર સાથે નીકળનારી આ શોભાયાત્રામાં શહેરની ધર્મપ્રેમી જનતાને જોડાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. મંડળ દ્વારા દૈનિક સવાર-સાંજ લાઉડસ્પીકર વગર પરંપરાગત મહારાષ્ટ્રીયન મરાઠી આરતીનું આયોજન પણ કરવામાં આવશે.

મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શનિવાર, ૧૯ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૧૦ કલાકે હર્ષિદા ગરબા મંડળ દ્વારા ભજનનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ રવિવાર, ૨૦ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮:૩૦ કલાકે ૧૫૧ દીવાની મહાઆરતી અને રાત્રે ૧૦ કલાકે ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજાશે. ઉત્સવના અંતિમ દિવસે શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨ કલાકે ચાંદીબજારથી વિસર્જન શોભાયાત્રા પ્રસ્થાન કરશે, જે હવાઈચોક, એસ.ટી. રોડ અને સાત રસ્તા થઈને મહાનગરપાલિકા દ્વારા નિર્મિત કૃત્રિમ કુંડ ખાતે પહોંચશે, જ્યાં ગણેશજીનું ભાવપૂર્વક વિસર્જન કરવામાં આવશે.

# જામનગરના બે વિદ્યાર્થીઓએ ઈસરો રોબોટિક્સ ચેલેન્જ પૂરી કરી બતાવી

## જામનગરના દેવર્ષિ ફલિયા અને માનવ પટેલનો મહત્વપૂર્ણ ફાળો






**સમય સંદેશઃ જામનગર**

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઇસરો) દ્વારા યુ. આર. રાવ સેટેલાઇટ સેન્ટર, બેંગલુરુ ખાતે આયોજિત રાષ્ટ્રીય સ્તરની 'ઇસરો રોબોટિક્સ ચેલેન્જ-યુઆરસી ૨૦૨૬'માં નિરમા યુનિવર્સિટીની 'ટીમ એરો' રાષ્ટ્રીય ચેમ્પિયન બની છે. દેશભરની ૫૯૦ ટીમો વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં જામનગરના બે યુવાનો દેવર્ષિ ફલિયા અને માનવ પટેલે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. માનવ પટેલે ૧૩ સભ્યોની બહુવિધ શાખાઓની આ ટીમનું કેપ્ટન તરીકે સફળ સંકલન કર્યું હતું, જ્યારે દેવર્ષિ ફલિયાએ ડિઝાઇન અને એનાલિસિસ લીડ તરીકે સેવા આપી હતી. આ ટીમે ગ્રહ સંશોધન મિશન માટે માત્ર રૂ. ૧.૫ લાખના ખર્ચે અને ૧.૪૩ કિલો વજન ધરાવતો "ARW500N' નામનો સ્વાયત્ત ડ્રોન વિકસાવ્યો હતો.

આ સ્પર્ધામાં ટીમોએ જીપીએસ વિનાના વાતાવરણમાં સ્વાયત્ત નેવિગેશન, લક્ષ્યની ઓળખ અને માનવ હસ્તક્ષેપ વગર ચાર્જિંગ ડોક પર એક્યુરેટ લેન્ડિંગ જેવી કઠિન પ્રક્રિયાઓ પૂર્ણ કરવાની હતી. આ મિશનમાં કમ્પ્યુટર વિઝન, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ અને ઇન્ટેલિજન્ટ ડિસિઝન-મેકિંગ જેવી અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો હતો. આયોજકો દ્વારા ફાઇનલ ટાસ્ક પૂર્ણ કરવા માટે મહત્તમ ૪૫ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો, જેની સામે ટીમ એરોના ડ્રોને આ સમગ્ર મિશન આશ્ચર્યજનક રીતે માત્ર ચાર જ મિનિટમાં સફળતાપૂર્વક પૂર્ણ કરી પોતાની શ્રેષ્ઠ કાર્યક્ષમતા સાબિત કરી હતી. અમદાવાદ ખાતે ત્રીજા નેશનલ સ્પેસ ડેની ઉજવણી દરમિયાન આ સ્પર્ધાના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં ટીમ એરોને પ્રથમ સ્થાન મેળવવા બદલ રૂ. ૧૦ લાખનો રોકડ પુરસ્કાર એનાયત કરાયો હતો. કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત, રાજ્યના મંત્રી અર્જુન મોઢવાડિયા અને ઇસરોના અધ્યક્ષ ડો. વી. નારાયણન સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. રોબોટિક્સ અને એરોસ્પેસ એન્જિનિયરિંગ ક્ષેત્રે નિરમા યુનિવર્સિટી માટે આ સિદ્ધિ સિમાચિહ્નરૂપ સાબિત થઈ છે, તો બીજી તરફ રાષ્ટ્રીય ફલક પર ચમકેલા જામનગરના આ બે પુત્રોની ઉપલબ્ધિથી સ્થાનિક સ્તરે પણ ભારે ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

# મહાનગરપાલિકામાં મિલ્કતના નામ ટ્રાન્સફરની કામગીરી ફરજીયાત ઓનલાઈન કરાયા બાદ ડખ્ખો

## ઓનલાઇન કામગીરીમાં સર્વરના ધાંધીયાના કારણે લોકો પરેશાન છતા તંત્ર ઓફલાઇન કામગીરી કરતું નથી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના હાઉસ ટેક્સ વિભાગ દ્વારા વહીવટને પેપરલેસ કરવા અને લોકોનો સમય બચાવવાના આશયથી ગત તા.૧ સપ્ટેમ્બરથી મિલકતોના નામ ટ્રાન્સફર, કેટેગરી સુધારો (રહેણાંક-બિનરહેણાંક), નવું એસેસમેન્ટ અને મોબાઈલ નંબર અપડેટ સહિતની વિવિધ કામગીરી ફરજિયાતપણે ઓનલાઈન મોડથી જ સ્વીકારવાનું શરૂ કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાએ માત્ર અપવાદરૂપ કિસ્સાઓમાં જ ઓફલાઈન અરજીઓ સ્વીકારવાની નીતિ અપનાવી છે. પરંતુ હાલ કોર્પોરેશનના સર્વરમાં ધાંધિયા સર્જાતા ઓનલાઈન કામગીરી સંપૂર્ણપણે અટકી પડી છે, જેના કારણે પોતાના કામકાજ માટે આવતા નાગરિકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

એક તરફ ઓનલાઈન મોડ્યુલ ખોરવાઈ ગયું છે, તો બીજી તરફ કચેરીમાંથી અરજી માટેના ફોર્મનું વિતરણ હજુ પણ ચાલુ રાખવામાં આવ્યું છે. જ્યારે નાગરિકો આ ફોર્મ ખરીદીને સંપૂર્ણ વિગતો ભરીને જમા કરાવવા જાય છે, ત્યારે મનપાનો સ્ટાફ ઓફલાઈન પ્રથા બંધ થઈ ગઈ હોવાનું કહીને ફોર્મ સ્વીકારવાની સ્પષ્ટ મનાઈ કરી દે છે. તંત્રની આ અણઘડ નીતિને કારણે ફોર્મ ખરીદ્યા બાદ પણ અરજી જમા ન થતાં અરજદારોમાં ૪/ઠ/ રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે જો ઓનલાઈન સિસ્ટમ જ ચલાવવી હોય તો કચેરીમાંથી ફોર્મનું વિતરણ જ બંધ કરી દેવું જોઈએ.

આ ગંભીર મુશ્કેલીને ધ્યાને રાખીને જન જાગૃતિ અભિયાન સમિતિના ભરતભાઈ કાનાબારાએ શાસક જૂથના નેતા અમરભાઈ મોદીને રૂબરૂ મળીને રજૂઆત કરી હતી. સંસ્થા દ્વારા એવું ઉપયોગી સૂચન કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી મહાનગરપાલિકાનું ઓનલાઈન મોડ્યુલ સંપૂર્ણપણે સફળ અને સુચારુ રીતે કાર્યરત ન થાય, ત્યાં સુધી ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને પ્રકારે કામગીરી ચાલુ રાખવી જોઈએ. આ ઉપરાંત, જ્યારે ઓનલાઈન વ્યવસ્થા સંપૂર્ણપણે રાબેતા મુજબ થઈ જાય ત્યારબાદ જ ઓફલાઈન ફોર્મનું વિતરણ કાયમી ધોરણે બંધ કરવું જોઈએ જેથી સામાન્ય જનતાને બિનજરૂરી હેરાનગતિમાંથી મુક્તિ મળે.

# ખંભાળીયામાં જીલ્લા અદાલત અને બાર એસો. દ્વારા થેલેસેમીયા દર્દીઓ માટે રકતદાન કેમ્પ યોજાશે

**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ ૧૨૭ થેલેસેમીયાના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેને જીવનકાળ દરમિયાન વારંવાર લોહી જરૂરિયાત પડતી હોય, આવા દર્દીઓને સમયસર લોહી મળી રહે તેવા ઉમદા આશયથી શનિવાર તા. ૧૯ ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા અદાલત અને ખંભાળિયા વકીલ બાર એસોસિએશનના સહયોગથી ખંભાળિયામાં જિલ્લા અદાલતમાં આવેલા વકીલ મંડળ રૂમ ખાતે સવારે ૯ થી બપોરે ૩ વાગ્યા સુધી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં ખંભાળિયાની સરકારી સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા જરૂરી તબીબ તથા પેરા મેડિકલ સ્ટાફ દ્વારા સહયોગ આપવામાં આવશે. ૧૮ થી ૬૦ વર્ષ ની કોઈપણ તંદુરસ્ત વ્યક્તિ કે જેનું વજન ૪૫ થી વધુ છે, તે રક્તદાન કરી શકે છે. તબીબી સલાહ મુજબ સ્વસ્થ વ્યક્તિએ નિયમિત રીતે રક્તદાન કરવું તેમના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે સલાહભર્યું છે. ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારની જાહેર જનતા આ કેમ્પમાં રક્તદાન કરી, 'રકતદાન એ જ મહાદાન'ના સૂત્ર ને સાર્થક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવની યાદીમાં જણાવાયું છે.

# રિવાબા જાડેજા દ્વારા આજે ભરતી મેળો

**સમય સંદેશઃ જામનગર**

શિક્ષણ રાજ્યમંત્રીશ્રી રીવાબા જાડેજા અને જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આજ તા.૧૨ સપ્ટેમ્બર, શનિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે ધન્વંતરિ ઓડિટોરિયમ, જામનગરમાં જોબફેરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોજગાર ભરતીમેળામાં વિવિધ સેક્ટરના ૪૫થી વધુ નોકરીદાતા ઉપસ્થિત રહેશે. જેમાં રોજગાર વાચ્છું મહિલા ઉમેદવારોએ પોતાના શૈક્ષણિક



લાયકાત તેમજ અનુભવના પ્રમાણપત્રોની નકલો અને રિઝયુમ સાથે ઉપસ્થિત રહેવા જામનગર રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ૧૧ ગામના લોકોએ દુષ્કાળ જાહેર કરવા જોડિયા મામલતદારને આપ્યું આવેદન

**સમય સંદેશઃ જોડિયા**

ચાલુ વર્ષે વરસાદની લાંબી ખેંચને પગલે જોડિયા તાલુકાના ખેડૂતોની સ્થિતિ અત્યંત કફોડી બની છે. મોંઘા બિયારણ, ખાતર અને ભારે મહેનત બાદ તૈયાર કરેલો ઊભો પાક પાણીના અભાવે સુકાઈ જતાં ખેડૂતોને મોટું આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખી જોડિયા તાલુકાના વાવડી, બેરાજા, બારાડી, નેસડા, હડિયાણા, વાઘા, લીંબુડા, કુંનડ, ભાદરા, કેશિયા અને આણંદા સહિતના ૧૧ ગામોના ખેડૂતોએ મોટી સંખ્યામાં મામલતદાર કચેરીએ એકત્ર થઈને ઉગ્ર રજૂઆત સાથે હલ્લાબોલ કર્યો હતો. પાક નિષ્ફળ જવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી યોગ્ય રાહત કે સહાય અંગે કોઈ નક્કર નિર્ણય ન લેવાતાં ખેડૂતોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી જોડિયા તાલુકાને તાત્કાલિક સત્તાવાર રીતે અછતગ્રસ્ત જાહેર કરવા, પાક નુકસાનીનો ઝડપી સર્વે કરાવી યોગ્ય વળતર ચૂકવવા તેમજ દેવામાંથી રાહત આપવાની આકરા સૂર સાથે માગ કરી હતી. સાથે જ ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી હતી કે જો તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરી જરૂર પડ્યે રસ્તા રોકો સહિતના ઉગ્ર કાર્યક્રમો આપવામાં આવશે.

# કાલાવડ તાલુકાના કાલમેઘડા તથા માખાકરોડ ગ્રામ પંચાયત દ્વારા વરસાદ ખેંચાતા ખેડૂતોની સ્થિતિ દયનીય બનતા ફોફળ-૨ ડેમનું પાણી છોડવા સાંસદ-ધારાસભ્યને રજુઆત

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ તાલુકામાં વર્તમાન ચોમાસા દરમિયાન વરસાદની ભારે ખેંચના કારણે ખેડૂતો અને પશુપાલકોની સ્થિતિ અત્યંત દયનીય બની છે. વરસાદના અભાવે ખેતરોમાં ઉભેલો પાક પૂરતા પાણી વગર સુકાવાની આરે પહોંચી ગયો છે, જેના કારણે સમગ્ર પંથકમાં દુષ્કાળ જેવો માહોલ સર્જાયો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખી કાલમેઘડા અને માખાકરોડ ગ્રામ પંચાયત દ્વારા જામનગરના સાંસદ પૂનમબેન માડમ તથા



કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાને પત્ર પાઠવીને તાકીદે યોગ્ય પગલાં ભરવા રજૂઆત કરવામાં આવી છે. ગ્રામ પંચાયતના સરપંચો દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું છે કે પાકને બચાવવા માટે સૌની યોજના અંતર્ગત ફોફળ-૨ ડેમમાં તાત્કાલિક પાણી છોડવામાં આવે અને ડેમમાંથી કેનાલ મારફતે સીધું પાણી ખેડૂતોના ખેતર સુધી પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે. આ ઉપરાંત વરસાદના અભાવે પશુઓ માટે ઘાસચારા અને પીવાના પાણીની પણ ભારે અછત સર્જાઈ રહી હોવાથી પશુધનને બચાવવા માટે તંત્ર દ્વારા વહેલી તકે જરૂરી પગલાં લેવામાં આવે તેવી આગ્રહભરી વિનંતી કરવામાં આવી છે.

# જામજોધપુરમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

જામજોધપુર શહેરમાં આવેલ ખરાવાડ વિસ્તારમાં જનતા વોટરની સામે જાહેરમાં જુગાર રમી રહેલ અરવિંદ કાનજી પરમાર, ભરતભાઇ ઓળવીયા-જામજોધપુર, ભાવેશ રસીકભાઇ પરમાર-રાજકોટ, અનિલ કાન્તીભાઇ રાઠોડ-રાજકોટ, ચંદુ મુળજી પરમાર-રાજકોટને પોલીસે ઝડપી લઇ રોકડ રૂ.૧૦.૨૦૦ની રકમ કબ્જે કરી હતી.

# જામનગરમાં શ્રાવણી અમાસે શિવાલયમાં ઉમટતા ભાવિકો : પિતૃભકિત પણ દેખાઇ





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે એટલે કે શ્રાવણી અમાસે 'છોટી કાશી' જામનગરમાં શિવભક્તિ અને ધાર્મિક આસ્થાનો અનેરો માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર માસ દરમિયાન શિવાલયોમાં જળ, હરિયાળી અને રોશનીનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. અંતિમ દિવસે વહેલી સવારથી જ શહેરના સિદ્ધનાથ મહાદેવ, ભીડભંજન મહાદેવ, કાશી વિશ્વનાથ, નાગેશ્વર, નીલકંઠ, વૈજનાથ અને જળેશ્વર મહાદેવ સહિતના તમામ શિવાલયોમાં ભક્તોએ દર્શનાર્થે કતારો લગાવી હતી. શિવભક્તોએ ભગવાન ભોળાનાથને જલાભિષેક, દુગ્ધાભિષેક અને બિલિપત્ર અર્પણ કરી પરિવારની સુખ, શાંતિ તથા સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી શ્રાવણ માસને ભાવભીની વિદાય આપી હતી. શ્રાવણી અમાસનું ધાર્મિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ હોવાથી શિવાલયોના પરિસરમાં આવેલા પીપળાના વૃક્ષો પાસે શ્રદ્ધાળુઓએ પિતૃઓની શાંતિ અને સદગતિ માટે પિતૃ તર્પણ અને પૂજનવિધિ કરી હતી. ભક્તોએ પીપળાને જળ અર્પણ કરી પિતૃઓને યાદ કર્યા હતા અને પુણ્યદાન મેળવ્યું હતું. આમ, શ્રાવણ માસના આખરી દિવસે જામનગરમાં એક તરફ શિવજીની આરાધના અને બીજી તરફ પિતૃ તર્પણની વિધિઓથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને પવિત્ર બની રહ્યું હતું.

# જામનગરના બેન્ક કર્મચારીઓ રાષ્ટ્રીય હડતાળમાં જોડાયાઃ નાણાંકીય વ્યવહારો અટક્યા

## જામનગરની બેન્કોમાં પણ કામકાજ બંધઃ કરોડોના નાણાકીય વ્યવહારોને અસરઃ શનિવાર-રવિવાર બાદ રજાઓના કારણે લાંબા સમય સુધી બેન્કિંગ સેવાઓ ખોરવાશે











તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

પાંચ દિવસીય કામકાજની સપ્તાહ પદ્ધતિ લાગુ કરવાની મુખ્ય માંગણી સહિત વિવિધ પડતર પ્રશ્નોને લઈને દેશભરના બેન્ક કર્મચારીઓ દ્વારા ગઈકાલે એક દિવસીય હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું. આ હડતાળના પગલે જામનગર શહેર તથા જિલ્લામાં આવેલી વિવિધ રાષ્ટ્રીયકૃત અને અન્ય બેન્કોની શાખાઓમાં કર્મચારીઓ કામગીરીથી અળગા રહ્યા હતા. જેના કારણે બેન્કિંગ સેવાઓ પર ગંભીર અસર પહોંચી હતી અને કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો અટકી પડ્યા હતા. બેન્કોમાં રોકડ રકમની જમા-ઉપાડ તથા ચેક ક્લિયરિંગ સહિતની મહત્વપૂર્ણ શાખાકીય કામગીરી સંપૂર્ણપણે બંધ રહી હતી.

દરમિયાન શુક્રવારની હડતાળ બાદ આજે બીજો શનિવાર અને ત્યારબાદ રવિવારની નિયમિત સાપ્તાહિક રજા આવતી હોવાથી સતત ત્રણ દિવસ સુધી બેન્કિંગ વ્યવહારો બંધ રહેશે. આ ઉપરાંત કેટલાક રાજ્યોમાં ગણેશ ચતુર્થી સહિતના આગામી તહેવારોની રજાઓને કારણે સોમવાર અને મંગળવારે પણ બેન્કોના કામકાજને અસર પહોંચવાની શક્યતા છે. પરિણામે બેન્કિંગ સેવાઓ ખોરવાઈ જતાં સ્થાનિક વેપારીઓ, ઉદ્યોગકારો અને સામાન્ય ગ્રાહકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

જામનગરના વેપાર અને ઉદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોના મોટા પ્રમાણમાં આર્થિક લેવડ-દેવડ બેન્કિંગ માધ્યમથી જ થતી હોય છે, જેથી સતત રજાઓ અને હડતાળના લીધે

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લામાંથી ૧૮ મહિલા સહિત ૬૧ લોકો જુગાર રમતા ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં શ્રાવણ માસના અંતિમ દિવસે પોલીસે શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં જુગાર સંબંધિત આઠ દરોડા પાડ્યા હતા. આ કામગીરી દરમિયાન ૧૮ મહિલાઓ સહિત કુલ ૬૧ શખ્સોને રૂ.૧.૫૬ લાખની રોકડ રકમ સાથે ઝડપી પાડી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

સિટી એ ડિવિઝન પોલીસે શહેરના હવાઇચોક વિસ્તારમાં ભાનુશાળીવાડ શેરી નં.૫માં દુધિયા હનુમાનના મંદિર પાસે જાહેરમાં જુગાર રમી રહેલાં કીશોરભાઇ દાણીધાર, પુજાબેન કટારમલ, ભાનુબેન કટારમલ, નયનાબેન પરમાર અને કુસુમબેન ધારવીયા નામના ચાર મહિલા સહિત પાંચ શખ્સોને રૂ.૧૦,૩૫૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.

બીજા દરોડામાં સિટી બી ડિવિઝન પોલીસે રામેશ્વરનગર, કે.પી.શાહની વાડી નજીકથી વિમળાબેન ખાચર, ઇશ્વરીબેન ટેકાણી, મીનાબા ઝાલા, રાજલબા ઝાલા, ભાવનાબા જાડેજા, જેનાબા જાડેજા, ઇન્દુબેન આશર અને કિરણબેન પાણખાણીયા નામની આઠ મહિલાઓને રૂ.૧૯,૨૦૦ ની રોકડ સાથે પકડી પાડ્યા હતાં.

સિટી એ ડિવિઝન પોલીસે હીરાસરવાસ શેરી નં.૧માંથી દક્ષાબેન સીયાળ, મનુબેન ભાલીયા, સોનલબેન સીયાળ, હેમુબેન જોરીયા, હંસાબેન ગુજરીયા, લાભુબેન ગુજરીયા, પરશોતમભાઇ સીયાળ, નયન ગુજરીયા, રમેશભાઇ જેઠવા, મનશુખભાઇ જોરીયા, રમેશભાઇ જેઠવા, લક્ષ્મણભાઇ ચૌહાણ અને અજયભાઇ ઢાપા નામના છ મહિલા સહિત ૧૩ શખ્સોને રૂ.૧૫,૬૮૦ ની રોકડ સાથે ઝડપ્યા હતા.

સિટી બી ડિવિઝન પોલીસે બેડેશ્વર, પાણાખાણ વિસ્તારમાંથી અજય ઉચાસણા, રાજુભાઇ મિયાત્રા, કાનજીભાઇ કુશેટીયા, અજય શેરીયા, પરેશ કિશોરભાઇ, લાલભા હાડા અને મુન્નાભાઇ જાદવ નામના સાત શખ્સોને રૂ.૧૧,૪૨૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.

જિલ્લાના શેઠવડાળા પોલીસે મેથાણ ગામે સ્ટ્રીટ લાઇટના અજવાળે જુગાર રમતા નરેન્દ્રભાઇ બાબરીયા, સુરેશભાઇ મકાવાણા, મહેશભાઇ બગડા, ગીરધરભાઇ બાબરીયા, ભરતભાઇ બાબરીયા, ધવલભાઇ બાબરીયા અને સુખાભાઇ બાબરીયા નામના સાત શખ્સોને રૂ.૧૬,૬૦૦ ની રોકડ સાથે અટકાયત કરી હતી.

સિટી બી ડિવિઝન પોલીસે નવાગામ ઘેડ, ઇન્દિરા સોસાયટી શેરી નં.૧ માંથી શૈલેષભાઇ ચૌહાણ, પ્રથમ દાણીધર, મીત અત્રી, પ્રશાંત જેઠવા, શ્યામ ગોજીયા, જતીન બદ્રકીયા અને દેવ ગવઇ નામના સાત શખ્સોને રૂ.૧૧,૨૩૦ ની રોડક સાથે પકડી પાડ્યા હતાં.

પંચકોષી બી ડિવિઝન પોલીસે ખોજાબેરાજા ગામેથી રણજીતસિંહ જાડેજા, દેવરાજભાઇ પિંગળસૂર, શૈલેષભાઇ ડાંગર, અમીતસિંહ વાઘેલા, કારાભાઇ ભરવાડ, મૈયાભાઇ ભરવાડ, મેઘાભાઇ પીંગળસૂર અને ચંદ્રેશ ભરવાડ નામના આઠ શખ્સોને રૂ.૨૧,૧૯૦ ની રોકડ સાથે ઝડપ્યા હતા.

જ્યારે પંચકોષી એ ડિવિઝન પોલીસે મિયાત્રા ગામેથી રમેશભાઇ વૈષ્ણવ, શીવુભા કેર, કારાભાઇ કરમુર, મનુભા કેર, મનસુખભાઇ લોખીલ અને મનસુખભાઇ કટેસીયા નામના છ શખ્સોને રૂ.૫૧,૩૦૦ ની રોકડ સાથે ઝડપી લઇ તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઓખા બંદરે બોટમાં આગ લાગતા દોડધામ

## ફાયર ટીમોએ દોડી જઇ કાબુ મેળવ્યો : રાત્રે બે વાગે બજરંગ જેટી ખાતે 'રાજસાગર' બોટમાં આગ લાગી



**સમય સંદેશઃ ઓખા**

ઓખાના ડાલ્ડા બંદરમાં આવેલી બજરંગ જેટી ખાતે રાત્રિના આશરે ૨ વાગ્યાના અરસામાં વિપુલ મધજી ગોસીયા માલિકીની 'રાજ સાગર' નામની બોટમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી હતી. બનાવની જાણ થતાં ઓખા, મીઠાપુર અને દ્વારકાની ફાયર ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

ફાયર ટીમના જવાનો જીતેન્દ્ર કારડીયા, સતિષભાઈ જોરા અને રાજેન્દ્રસિંહ પરમારે અન્ય સ્ટાફ સાથે મળીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ત્રણેય ફાયર ટીમોએ સંયુક્ત પ્રયાસો કરી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી અને આગ વધુ ફેલાતી અટકાવી હતી.

ફાયર વિભાગની સમયસરની કામગીરીને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. બોટમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સિક્કામાં ઉંચા વળતરની લાલચ આપી પાંચ કરોડની છેતરપિંડી

## એક જ માસમાં રોકેલી રકમ ડબલ કરાવી આપવાની લાલચ આપી ૧૦૦ થી વધુ શખ્સોને શીશામાં ઉતારાયા : કૌભાંડ ખુલ્લુ પડતાં રોકાણકારોને રાતે પાણીએ રોવાનો વારોઃ અસગર ગફાર પીરજાદા નામનો શખ્સ અચાનક માયા સંકેલી પોબારા ભણી ગયાની નોંધાવાઇ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના સિક્કામાં રોકાણ પર જંગી વળતરની લાલચ આપી એક શખ્સે કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યાની ચોંકાવનારી વિગતો સામે આવતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. માત્ર એક જ મહિનામાં રોકાણ કરેલી રકમ બમણી કરી આપવાની આકર્ષક લાલચ આપીને અંદાજે ૧૦૦થી વધુ લોકો પાસેથી રૂ. ૫ કરોડ જેટલી માતબર રકમ મેળવી રફુચક્કર થઈ જતાં રોકાણકારોના પગતળેથી જમીન સરકી ગઈ છે. શરૂઆતમાં લોકવિશ્વાસ કેળવવા અમુક લોકોને હપ્તા પેટે નાણાં ચૂકવ્યા બાદ આરોપી માયા સંકેલીને ફરાર થઈ ગયો હતો.

ઘટનાની વિગત મુજબ, સિક્કાના નાઝ સિનેમા પાછળ રહેતા અને કરીયાણાની દુકાન ચલાવતા સકલેન હસનભાઈ કક્કલ (ઉં.વ.૨૬)ની મુલાકાત ચાર મહિના પહેલાં અસગર ગફાર પીરજાદા સાથે થઈ હતી. અસગરે પોતે શિપિંગ કંપનીમાં કામ કરતો હોવાનું અને સિગારેટના ઇમ્પોર્ટ-એક્સપોર્ટના વ્યવસાયમાં રોકાણ કરવાથી નાણાં સીધા ડબલ થતા હોવાની વાત કરી હતી. આથી અંજાઈ ગયેલા સકલેને પોતાની એફડીની રકમ ભેગી કરી રૂ. ૧૨ લાખ અસગરને આપ્યા હતા, જેના બદલામાં અસગરે બેંકનો ચેક આપ્યો હતો. પરંતુ એક મહિનો પૂર્ણ થયા બાદ પણ રકમ પરત ન મળતાં અને અસગર ગામ છોડીને ભાગી જતાં કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

અસગર ફરાર થઈ જતાં ગામમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તેણે માત્ર સકલેનભાઈ જ નહીં પરંતુ ઓસમાણભાઈ પીરજાદા પાસેથી રૂ. ૨૧ લાખ, અલ્તાફ ભાયા પાસેથી રૂ. ૯ લાખ અને ફિરોઝ સુંભણીયા તથા તેમના ઓળખીતાઓ પાસેથી રૂ. ૮૮ લાખ સહિત અન્ય ૧૦૦થી વધુ લોકો પાસેથી અંદાજે રૂ. ૫ કરોડ જેટલી રકમ ઉઘરાવી લીધી હતી. આ બનાવ બાદ છેતરાયેલા રોકાણકારો એકઠા થઈને પોલીસ મથકે પહોંચ્યા હતા અને અસગર સામે રજૂઆત કરી હતી.

આ મામલે સકલેનભાઈની ફરિયાદના આધારે પોલીસે આરોપી અસગર ગફાર પીરજાદા વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. આરોપીએ અન્ય કેટલા લોકો સાથે છેતરપિંડી આચરી છે અને કૌભાંડનો આંકડો કેટલે સુધી પહોંચે છે તે અંગે પોલીસે સઘન તપાસ શરૂ કરી છે.

# જોગવડના રામદૂત નગરમાંથી હેરોઇન સાથે ત્રણ ઝડપાયા

## ભાડાની ઓરડીમાં રહેતા પંજાબના ત્રણ શખ્સોની ૨૩.૮૫ ગ્રામ હેરોઇન નામના ડ્રગ્સ સાથે ધરપકડ- અન્ય એક ફરારઃ પંજાબ કનેકશન ખુલવાની વકી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના જોગવડ ગામની સીમમાં આવેલા રામદૂતનગર વિસ્તારમાં મેઘપર પોલીસે ભાડાની રહેણાંક ઓરડીમાં દરોડો પાડીને મોટી સફળતા મેળવી છે. પોલીસે સ્થળ પરથી હેરોઈન અને મોર્ફીન કોડેન સહિતના માદક પદાર્થનો ૨૩.૮૫ ગ્રામ જથ્થો જપ્ત કરીને મૂળ પંજાબના ત્રણ શખ્સોને ઝડપી લીધા છે. પોલીસને બાતમી મળી હતી કે ઓરડી નં.૧૧માં ભાડેથી રહેતા પંજાબી શખ્સો કેફી પદાર્થોનું વેચાણ કરી રહ્યા છે, જેના આધારે આ દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસ કામગીરી દરમિયાન જશવંતસિંઘ શીખ, થોમસ મસીહ અને જગમીતસિંઘ શીખ નામના ત્રણેય આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. દરોડા દરમિયાન રૂ. ૪.૭૭ લાખની કિંમતનો ૨૩.૮૫ ગ્રામ ડ્રગ્સનો જથ્થો તેમજ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૪,૯૪,૪૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ માદક પદાર્થનો જથ્થો સપ્લાય કરનાર પંજાબના સકતરા ગામના જંગરૂપસિંહ નામના શખ્સને પોલીસે ફરાર જાહેર કરીને તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

આ સફળ કામગીરી મેઘપર પીઆઈ એ.એલ. બારસીયા, પીએસઆઈ એ.જી. જાડેજા તથા એ.એસ.આઈ. એમ.એલ. જાડેજા, જે.ડી. ઝાલા, ધર્મેન્દ્રસિંહ ઝાલા તેમજ કોન્સ્ટેબલ વિક્રમસિંહ જાડેજા,

અનુ પાના નં.૨ પર

# જામનગરના વોર્ડ નં.૧માં કાર્યકરની આપઘાતની ચિમકી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના વોર્ડ નંબર-૧ ના સામાજિક કાર્યકર અને માછીમાર એસોસિએશનના પ્રમુખને કેટલાક શખસો દ્વારા સોશિયલ મિડીયાના માધ્યમથી ત્રાસ આપીને બહિષ્કારના તેમજ ચોકડી મારેલા પોતાના ફોટા વાયરલ કરવામાં આવ્યા હોવાની ફરિયાદ સાથે સામાજિક કાર્યકરે દવા પી લઈને તમામના નામ આપતા જવાની ચીમકી સાથેનો વીડિયો વાયરલ કર્યો છે. તેમજ આ જ મુદ્દે સ્ક્રીન શોટ સાથે ઉચ્ચ કક્ષાએ લેખિત રજુઆત પણ કરી છે.

વોર્ડ નંબર-૧ ના ભાજપાના પુર્વ કોર્પોરેટરના પતિ અને સામાજિક કાર્યકર સંઘાર અનવરભાઈએ રાજ્યના પોલીસ વડા, મુખ્યમંત્રી, ગૃહમંત્રી, જિલ્લા પોલીસ વડા, તકેદારી આયોગ, માનવ અધિકાર આયોગ તેમજ સીટી બી ડિવીઝન પીઆઈને લેખિત ફરિયાદ સાથે રજુઆત કરીને ચોકડી મારેલા પોતાના ફોટા, બોયકોટ લખેલા પોતાના ફોટા વાયરલ થવા અંગે એક વ્હોટસ એપના એક ગ્રુપ એડમીન અને વાયરલ કરનારા સભ્યો અંગે જણાવ્યું છે.

કે, પોતાના સામે સોશિયલ મીડિયામાં ખોટી અફવા ફેલાવીને માનહાનિ કરવા જેવા આક્ષેપો સાથે મજુર વર્ગને અમારા વિરૂધ્ધ ઉશ્કેરવા પ્રયાસ કરવામાં આવ્યા છે. જે અંગે બંદોબસ્ત રાખવા તેમજ સમાવાળાઓ સામ પગલા લેવામાં આવે.તંત્રને રજુઆત કરનાર કાર્યકરે વ્હોટસએપ મેસેજોના સ્ક્રીન શોટ અને પોસ્ટની નકલો પણ રજુઆત સાથે જોડી છે. રજુઆત કરનાર કાર્યકરના જણાવ્યા પ્રમાણે દરિયાકાંઠે ચાલતી રીપેરીંગ કામગીરીમાં સેફ્ટી મુદ્દે અગાઉ થયેલી રજુઆત આ પાછળ કારણભુત હોવાનું જણાય છે.

# માધવપુર ઘેડમાં અનુસૂચિત જાતિના સ્મશાનની તૂટી પડેલી દિવાલ ૫-૬ વર્ષથી યથાવત

## લેખિત-મૌખિક રજૂઆતો અને મીડિયા અહેવાલો છતાં તંત્ર નિષ્ક્રિય હોવાના આક્ષેપ

**સમય સંદેશઃ માધવપુર**
**(સુભાષ માવદીયા દ્વારા)**

માધવપુર ઘેડ ખાતે આવેલ અનુસૂચિત જાતિના સ્મશાનની સુરક્ષા દિવાલ છેલ્લા આશરે ૫થી ૬ વર્ષથી તૂટી પડેલી હાલતમાં હોવા છતાં આજદિન સુધી તેનું પાકું બાંધકામ કરવામાં આવ્યું નથી. જેના કારણે સ્મશાનની સુરક્ષા, સ્વચ્છતા તથા જાહેર હિતને લગતી ગંભીર સમસ્યા ઊભી થઈ છે. આ બાબતે સંબંધિત ગ્રામ પંચાયત તથા જવાબદાર સરકારી તંત્ર સમક્ષ સમયાંતરે લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ નક્કર અને કાયમી કાર્યવાહી કરવામાં આવી નથી, તેવો આક્ષેપ કરવામાં આવે છે.

વધુમાં, આ ગંભીર પ્રશ્નને મીડિયા સમક્ષ પણ રજૂ કરવામાં આવ્યો હતો અને જાહેર માધ્યમોમાં મુદ્દો પ્રસિદ્ધ થયા બાદ પણ સ્મશાનની તૂટી પડેલી દિવાલનું કાયમી બાંધકામ શરૂ કરવામાં આવ્યું નથી. આ પરિસ્થિતિ તંત્રની કામગીરી અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. અનુસૂચિત જાતિના નાગરિકોને મળવાપાત્ર સમાનતા, માન-મર્યાદા તથા જાહેર સુવિધાઓના અધિકારોને ધ્યાનમાં રાખીને સ્મશાનની મૂળભૂત સુવિધા અને સુરક્ષા જાળવવાની જવાબદારી સંબંધિત સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા તથા જવાબદાર વહીવટી તંત્રની બને છે.



આથી અમારી કડક અને તાત્કાલિક માંગ છે કેઃ અનુસૂચિત જાતિના સ્મશાનની તૂટી પડેલી દિવાલનું તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરવામાં આવે, તૂટી ગયેલી દિવાલનું પાકું અને મજબૂત બાંધકામનું કામ તાત્કાલિક શરૂ કરવામાં આવે, જ્યાં સુધી કાયમી દિવાલનું બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી સ્મશાનની સુરક્ષા માટે ્કાલિક વૈકલ્પિક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે, અગાઉ કરવામાં આવેલી લેખિત તથા મૌખિક રજૂઆતો પર શું કાર્યવાહી કરવામાં આવી તેની સત્તાવાર તપાસ કરી જવાબદારી નક્કી કરવામાં આવે, સ્મશાનની દિવાલના બાંધકામ માટે કોઈ સરકારી ગ્રાન્ટ/ફંડ મંજૂર કરવામાં આવ્યું હોય તો તેની મંજૂરી, અંદાજ, ખર્ચ તથા કામની સ્થિતિ જાહેર કરવામાં આવે અને લાંબા સમયથી પ્રશ્ન ઉકેલવામાં નિષ્ફળ રહેલા જવાબદાર અધિકારી/કર્મચારી સામે નિયમો મુજબ જવાબદારી નક્કી કરી જરૂરી વહીવટી કાર્યવાહી કરવામાં આવે સમગ્ર કામ માટે સમયમર્યાદા નક્કી કરી તેની લેખિત માહિતી અરજદાર/સ્થાનિક લોકોને આપવામાં આવે.

જો આ બાબતે તાત્કાલિક અસરકારક કાર્યવાહી કરવામાં નહીં આવે તો સંબંધિત ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂઆત, માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી મેળવવા તથા કાયદેસરની અન્ય ઉપલબ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મુદ્દો માત્ર દિવાલનો નથી, પરંતુ અનુસૂચિત જાતિના નાગરિકોના જાહેર હિત, સુરક્ષા, માન-મર્યાદા અને સમાન અધિકારો સાથે સંકળાયેલો છે. તેથી તંત્ર દ્વારા આ પ્રશ્નને તાત્કાલિક ગંભીરતાથી લઈ સ્થળ પર કામ શરૂ કરવામાં આવે તેવી કડક માંગ છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com